જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૨/૨૦૧૯ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૩૨/૧૯

## લુંટના ગુનાનો ભેદ ઉકેલી આરોપીઓ પાસેથી લુંટ કરેલ મોબાઇલ ફોન તથા ઓટોરીક્ષા તથા ચપ્પુ મળી કિ.રૂ.૬૨,૦૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરતી

## રામોલ પોલીસ

રામોલ પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૨૨૭/૧૮ ધી ઇપીકો કલમ ૩૯૨, ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાના કામના ફરીયાદીશ્રી ચિરાગ વિનોદભાઇ મકવાણા ઉવ.૧૮ રહે. ૧૭/૫૧૫ પંચરત્ન આવાસ યોજના ઔડાના મકાનમાં વસ્ત્રાલ રામોલ અમદાવાદ શહેર નાઓની ફરીયાદના કામે તા.૨૫/૧૨/૧૮ ના કલાક ૩/૧૫ વાગ્યાના સુમારે ફરીયાદી તથા સાહેદશ્રી નાઓ ચાલતા આવતા હતા આ વખતે વસ્ત્રાલ મેટ્રો પોલ નં.૧૬૨ તથા ૧૬૩ ની વચ્ચે એક ઓટોરીક્ષામાં ચાલક તથા બીજા ત્રણ અજાણ્યા ઇસમો આવી રીક્ષામાંથી ઉતરી ફરીયાદી તથા સાહેદને ચપ્પુ બતાવી એક સેમસંગ કંપનીનો જે-૬ મો.ફોન કિ.રૂ.૧૨,૦૦૦/- તથા એક એમ.આઇ કંપનીનો મો.ફોન કિ.રૂ.૫૦૦૦/- તથા રોકડા રુપિયા ૧૧૦૦/- મળી કુલ્લે રુપિયા ૧૮,૧૦૦/- ના મત્તાની લુંટ કરેલ હોય જે બાબતે ઉપરોકત નંબરથી ગુનો દાખલ થયેલ હતો.

જે આધારે અમોએ સર્વેલન્સ સ્કોડના માણસોને પો.સ્ટે વિસ્તારમાં વધુમાં વધુ પેટ્રોલીંગ કરી અનડીટેકટ ગુનાઓ શોધી કાઢવા સુચના કરેલ હોય જે સુચના આધારે સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ એ.બી.ચૌધરી સ્ટાફના માણસોની સાથે તા.૦૧/૦૨/૧૯ ના રોજ પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન રબારી કોલોની ચાર રસ્તા ખાતે પો.સ.ઇ નાઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે એક ઇસમ જેણે શરીરે જીંસ પેંટ તથા કાળા કલરનુ જાકીટ પહેરેલ છે તે ઇસમ ચોરી અગર તો છળકપટથી મેળવેલ મો.ફોન વેચવા તથા ભાવ કરાવવા સારૂ સુરેલીયા સર્કલ મોબાઇલની દુકાનોમાં ફરે છે જે બાતમી હકીકત આધારે આરોપી પ્રશાંત @ વિક્કી સ/ઓ જીતેંદ્રસિંગ ચૌહાણ ઉવ.૨૦ રહે. મનં.૨૦ ગાંડાલાલની ચાલી રતનપુરા ગામ વસ્ત્રાલ અમદાવાદ શહેર નાની પાસેથી પાસેથી ઉપરોકત ગુનાના કામે લુંટ કરેલ સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન ગોલ્ડન કલરનો જે-૬ મોડલનો જેનો આઇ.એમ.ઇ.આઇ નંબર. ૩૫૮૪૬૧૦૯૩૯૭૨૯૯૨/૦૧ તથા ૩૫૮૪૬૨૦૦૯૩૯૭૨૯૯૦/૦૧ નો લખેલ વંચાયેલ જેની કિ.રૂ.૧૨,૦૦૦/- ગણાય તે કબ્જે કરી આરોપીને તા.૦૧/૦૨/૧૯ ના કલાક ૧૭/૧૫ વાગે પકડી અટક કરી રીમાંડ મેળવી રીમાંડ દરમ્યાન સહ આરોપીઓની તપાસ કરતા બાતમી હકીકત આધારે આરોપીઓ (૧) યશ @ નિકુલ સ/ઓ પ્રવિણભાઇ શંકરલાલ કોષ્ટી ઉવ.૨૩ રહે. મનં.૫૩/૯૨૧ શીવાનંદ નગર સત્યમનગર અમરાઇવાડી અમદાવાદ શહેર (૨) મનિષ @ મખ્ખન સ/ઓ કિષ્નપાલસિંગ જાતે.ઠાકુર ઉવ.૧૯ રહે. મુલતાન બાપાભાઇની ચાલી રામનાગર ભીલવાડા અમરાઇવાડી અમદાવાદ શહેર નાઓની પાસેથી એક છરો તથા લુંટ કરવામાં વાપરેલ ઓટોરીક્ષા નં. જી.જે.૨૭.વાય.૩૨૭૬ કિ.રૂ.૫૦,૦૦૦/- ગણી કબ્જે કરી પો.સ.ઇ એ.બી.ચૌધરી નાઓએ વધુ તપાસ હાથ ધરેલ છે.

## ઢોર કટીંગનો કેસ શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેકટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા ઈન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી " કે " ડીવીઝનનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગેરકાયદેર રીતે ચાલતી ઢોર કટીંગની પ્રવુતિ શોધી કાઢવા સુચના મળતા તેમજ સેકન્ડ પોલીસ ઈન્સપેકટરશ્રી એચ.એસ.ચાવડાનાઓની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સેકન્ડ પોલીસ ઈન્સપેકટરશ્રી એચ.એસ.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ. આર.એસ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં ના.રા.પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના અ.હે.કો.ભરતભાઈ ધુળાભાઈ નાઓને મળેલ બાતમી હકીકત આધારે ગેરકાયદેસર રીતે ઢોર કટીંગ કરતા આરોપીઓ નં.૧ અફઝલખાન સબદરખાન પઠાણ ઉ.વ.૪૨ રહે : કેલિકો મિલ રસુલ કડિયાની ચાલી ચેપી રોગ હોસ્પિટલ સામે બ.પુરા અમદાવાદ શહેર + ૪ = ૫ નાઓને દાણીલીમડા ગની મેમણની ચાલીના રહેણાક મકાનમાં તથા ભીલવાસની છેલ્લી ગલીમાં આવેલ હનીફભાઈના મકાનમાંથી ગે.કા.રીતે કટીંગ કરેલ પશુમાંસ આશરે-૧૨૦૦/ કિ.ગ્રા.કિ,રુ,૧,૨૦,૦૦૦/ તથા જીવતા પાડા -૩૬ કિ,રુ,૧,૦૮,૦૦૦/ તથા લોડીંગ રીક્ષા નં.જીજે.૨૭.વાય.૬૫૦૧ કિ,રુ,૭૦,૦૦૦/ મળી કુલે કિ.રૂ.૨,૯૮,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી લઈ દાણીલીમડા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં.૩૦૫૨/૧૯ પશુ સંરક્ષણ અધિ.કલમ-૨૦૧૭ ની કલમ- ૫,૬,૬(ક),૭,૮ તથા બી.પી.એમ.સી.એક્ટ કલમ-૩૩૫,૩૯૨ મુજબનો ગુનો શોધી કાઢેલ છે.

-: દાણીલીમડા પોલીસ સ્ટેશન :-

(ભારતીય બનાવટના વિદેશી દારૂ શોધી કાઢવા બાબત)

મે.પોલીસ કમિશ્નર સા. અમદાવાદ શહેર તેમજ અધિક પો. કમિ.સેકટર-૨ સા. તેમજ ના.પો.કમિ. ઝોન-૬ સા. તેમજ મ.પો.કમિ. "કે" ડીવીઝન સા. અમદાવાદ શહેર નાઓ સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીની પ્રવૃતિ સદંતર નેસ્તનાબુદ કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે સુચના આધારે દાણીલીમડા પોલીસ સ્ટેશનના પો.ઈન્સશ્રી એચ.એસ.ચાવડા સા.ની સુચના મુજબ તા.03/02/૨૦૧૯ ના રોજ પ્રોહીબીશનના કેસો શોધી કાઢવા સારૂ પો.સ.ઈ.શ્રી આર.એસ.ગોહિલ તથા સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કો હર્ષદસિંહ ગંભીરસિંહ તથા પો.કો જનકસિંહ ઉદેસિંહ નાઓને સંયુકત બાતમી હકિકત આધારે મોહંમદ ઉર્ફે શેખુ ઉર્ફે મુલ્લા સન/ઓફ અબ્દુલ હફીઝ શેખ ઉ.વ.૩૫ રહેવાસીઃ ન્યુ ફેસલનગર સોહન તલાવડી પાસે સુલ્તાન હોટલ પાછળ દાણીલીમડા અમદાવાદ શહેરનાને તેના રહેણાંક મકાનમાં વગર પાસ પરમીટના ગે.કા "ઓફીસર્સ ચોઈસ કલાસીક વ્હીસ્કી બ્રાન્ડ ભારતીય બનાવટના વિદેશી દારૂની સીલબંધ બોટલ નંગ-૨૫૦ કિ.રૂ.૧.૨૫.000/- ના મુદ્દામાલ સાથે પકડી પાડેલ છે. જે અંગે દાણીલીમડા પોલીસ સ્ટેશન પ્રોહી ગુ ર.નં.૫૦૫૮/૨૦૧૯ પ્રોહી એક્ટ કલમ ૬૬(૧)(બી).૬૫(એ)(ઈ).૧૧૬(બી).૮૧ મુજબ ગુનો દાખલ કરવામાં આવેલ છે. તા.0૪/0૨/૨૦૧૯

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.